સ્પેક્ટ્રમ અંગે કંપનીઓ વચ્ચે જંગ છેડાવવાનો તખ્તો તૈયાર

નવી દિલ્હી,તા. ૯

આગામી એક વર્ષમાં બે મુખ્ય એરવેવ્સની હરાજી કરવામાં આવનાર છે. આનાથી ટેલિકોમ સેક્ટરમાં કંપનીઓની વચ્ચે વધુ એક જંગ છેડાઈ છવાની શક્યતા દેખાઈ રહી છે.સુપ્રીમ કોર્ટ દ્વારા ૧૨૨ લાયસન્સને રદ કરી દેવામાં આવ્યા બાદ નવેસરથી સ્પેક્ટ્રમની હરાજી થનાર છે. બીજીબાજુ ૪જી પરમિટ માટે પણ બોલી લગાવવામાં આવનાર છે. જેથી ટેલિકોમ કંપનીઓ પોતાના ફાયદા અને બીજાના નુકસાન માટે પોલીસી બનાવવા માટે લોબી ચલાવવામાં કોઈ તક છોડશે નહી. ગયા વખતે ટેલિકોમ કંપનીઓ જીએસએમ અને સીડીએમએ ટેકનોલોજીના આધાર પર બે ગ્રુપમાં વિભાજિત થઈ ગઈ હતી. અલબત્ત આ વખતે અનેક ગઠબંધન હોઈ શકે છે. કારણ કે મામલા જુદા જુદા છે. અનિલ અંબાણીની કંપની રિલાયન્સ કોમ્યુનિકેસન અને મુકેશ અંબાણીની ઈન્ફોટેલ બ્રાડબેન્ડ કેટલાક મામલે એક મત ધરાવે છે. જ્યારે દેશની સૌથી મોટી ટેલિકોમ કંપની ભારતી એરટેલ આ ડ્રામાં પોતાની ભૂમિકા અદા કરવાથી ખચકાશે નહી. વર્ષ ૧૯૯૯થી ૨૦૦૨ વચ્ચે રિલાયન્સ ઈન્ફોકોમના ચેરમેન રહેલા બીકે સેંગલે કહ્યું છે કે દરેક ઓપરેટર પોતાના નાના નાના હિતો માટે લડી રહ્યા છે. આ આ એકબીજાને ખતમ કરવાની લડાઈ સાબિત થઈ શકે છે. ટેલિકોમ સેક્ટરમાં પહેલા પણ કોર્પોરેટ જંગ અને કાવતરા થતા રહ્યા છે. એક દશક પહેલા ભારતી એરટેલ અને બાકી જીએસએમ ઓપરેટર્સના વિરોધ છતાં બિન વિભાજિત રિલાયન્સ સીડીએમ ઓપરેટરોને પૂર્ણ રીતે મોબાઈલ સેવા આપવા માટે મંજૂરી મામલે સરકારને મનાવવામાં સફળ રહી હતી. વર્ષ ૨૦૦૭-૦૮માં તત્કાલીન ટેલિકોમ પ્રદાન રાજાએ રજી સ્પેક્ટ્રમની ફાળવણી માટે વહેલા તે પહેલાની નિતી અપનાવી હતી. જેના કારણે ભારે હોબાળો મચી ગયો હતો. આખરે રાજાને જેલમાં જવાની ફરજ પડી હતી. વિવાદનુ મુખ્ય કારણ ૧૮૦૦ મેગાહર્ટજની રજી હરાજી હતુ. વિડિયોકોન, એસ ટેલ, યુનિનોર, એતિસલત અને ઈન્ફોટેલ બ્રોડબેન્ડ બે તબક્કામાં હરાજી ઈચ્છે છે. આ કંપની પ્રથમ તબક્કામાં નવા ખેલાડીઓને તક આપવાની વાત કરી રહી છે. જ્યારે મોડેથી એવી કંપનીઓને તક આપવાની વાત કરવામાં આવી રહી છે જે કંપનીઓના લાયસન્સ રદ કરવામાં આવી ચુક્યા છે. બીજી બાજુ આઈડિયા, તાતા, ઊભારતી અને વોડાફોન જેવી કંપનીઓ એક જ તબક્કામાં હરાજી કરવા માટે દબાણ લાવી રહી છે. જેમાં તમામને તક આપવાની વાત કરાઈ છે. ૭૦૦ મેગાહર્ટજમાં ૪જી સ્પેક્ટ્રમની હરાજી પર ભારતી, વોડાફોન હરાજી ઈચ્છે છે.

નવો જંગની તૈયારી....

- ટેલિકોમ સેક્ટરની કંપનીઓમાં સ્પેક્ટ્રમ મામલે નવો જંગ છેડાશે
- નવેસરથી સ્પેક્ટ્રમની હરાજી કરાશે
- ૪જી પરવાનગી માટે બોલી બોલાશે
- ટેલિકોમ કંપનીઓ લાભ અને નુકસાન માટે એકબીજાને પછાડવા માટે તૈયાર
- આ વખતે અનેક ગઠબંધન રહે તેવી વકી
- ભારતી એરટેલ ડ્રામાં પોતાની ભૂમિકા અદા કરવા તૈયાર
- વિડિયોકોન, એસ ટેલ, યુનિનોર, એતિસલત અને ઈન્ફોટેલ બે તબક્કામાં હરાજી ઈચ્છે છે
- આઈડિયા, તાતા, ભારતી અને વોડાફોન એક તબક્કામાં હરાજી ઈચ્છે છે
- ૭૦૦ મેગાહર્ટજમાં ૪જી સ્પેક્ટ્રમની હરાજી પર ભારતી, વોડાફોન વહેલી તકે હરાજી ઈચ્છે છે
- આર કોમ, આઈડિયા અને સિસ્ટેમા શ્યામ દ્વારા આનો વિરોધ

પાકિસ્તાનના વૈજ્ઞાનિક ખલીલ ચિશ્તીને આખરે જામીન મળ્યા

નવી દિલ્હી,તા. ૯

પાકિસ્તાની પ્રમુખ આસિફ અલી ઝરદારીની અજમેર યાત્રાના એક દિવસ બાદ અજમેરની જેલમાં રહેલા પાકિસ્તાની જીવ વૈજ્ઞાનિક ડૉ.ખલીલ ચિશ્તીને સુપ્રીમ કોર્ટે આજે જામીન આપી દીધા હતા. ખલીલ ચિશ્તી હત્યાના મામલામાં છેલ્લા ૨૦ વર્ષથી જેલમાં હતા. અત્રેઉલ્લેખનીય છે કે ગઈકાલે પાકિસ્તાની પ્રમુખ ઝરદારીએ વડાપ્રધાન મનમોહનસિંહ સમક્ષ ખલીલ ચિશ્તીનો મામલો ઉઠાવ્યો હતો. સુપ્રીમ કોર્ટે ખલીલ ચિશ્તીને તમામ શરતોની સાથે જામીન આપ્યા છે. જો કે ખલીલ ચિશ્તી હજુ પાકિસ્તાન જઈ શકશે નહીં. ચિશ્તીને અજમેરમાં રહેવુ પડશે. અત્રે ઉલ્લેખનીય છે કે ચિશ્તીને નીચલી અદાલતે અજમેરમાં ૧૯૯૨માં થયેલી હત્યાના મામલામાં ૩૧મી જાન્યુઆરી ૨૦૧૧ના દિવસે આજીવન કારાવાસની સજા કરવામાં આવી હતી.

અજમેરના અમીર પરિવારમાં જન્મેલા ચિશ્તી સ્વતંત્રતા ના સમય પાકિસ્તાનમાં અભ્યાસ કરી રહ્યા હતા તેઓએ પાકિસ્તાનમાં રહીને જ પાકિસ્તાની નાગરિક બનવાનુ પસંદ કર્યુ હતુ. ૧૯૯૨માં અજમેરમાં પોતાની માતાને મળવા માટે પહોંચ્યા હતા.આ ગાળા દરમિયાન કોઈની સાથે તેમનો વિવાદ થયો હતો. આ વિવાદના કારણે તેમના એક પડોશીની ગોળીમારીને હત્યા કરી દેવામાં આવી હતી. આ બનાવમાં ચિશ્તીના સબંધી ઘાયલ થયા હતા. વિવાદના મામલો બિચક્યો હતો અને ચિશ્તીએ એકની હત્યા કરી દીધી હતી. સત્તાવાર સૂત્રોના જણાવ્યા મુજબ પાકિસ્તાની પ્રમુખ આસિફ અલી ઝરદારી માટે મનમોહનસિંહ દ્વારા આયોજિત લંચ દરમિયાન ખલીલ ચિશ્તીનો મુદ્દો પણ ચમક્યો હતો. એવુ જાણવા મળ્યુ છે કે પાકિસ્તાનના ગૃહ પ્રધાન રહેમાન મલિકે ગૃહ પ્રધાન ચિદમ્બરમ સાથે વાતચીત દરમિયાન આ મુદ્દો ઉઠાવ્યો હતો.

શેરબજારમાં તીવ્ર મંદી જારી : વધુ ૨૬૪ પૉઈન્ટનો મોટો ઘટાડો થયો

મુંબઈ,તા. ૯

શેરબજારમાં આજે મંદીનુ મોજુ જારી રહ્યુ હતુ કારોબારના અંતે સેંસેક્સ ૨૬૪ પોઈન્ટ ઘટ્યુ. ૧૭૨૨૨ની સપાટીએ રહ્યો હતો. ૨૬મી માર્ચબાદથી સેંસેક્સમાં સૌથી મોટો ઘટાડો નોંધાયો હતો. જાહેર રજાના કારણે ગુરુવાર અને શુક્રવારના દિવસે શેરબજારમાં રજા હતી. ભારે વેચવાલીના પરિણામ સ્વરૂપે છેલ્લા બે સપ્તાહમાં એક દિવસમાં સૌથી મોટો ઘટાડો નોંધાયો હતો. બ્લુચીપમાં અને ખાસ કરીને બેંકિંગ અને રિફાઈનરી શેરમાં ફંડ દ્વારા ભારે વેચવાલી રહી હતી. એશિયન બજારમાં પણ મંદી રહી હતી. આ તમામ પરિબળોના પરિણામ સ્વરૂપે શેરબજારમાં કડાકો બોલી ગયો હતો. બુધવારે અગાઉના સેશનમાં સેંસેક્સમાં ૧૧૧ પોઈન્ટનો ઘટાડો નોંધાયો હતો. તેમા આજે વધુ ૨૬૪ પોઈન્ટનો ઘટાડો નોંધાયો હતો. આવી જ રીતે નિફ્ટીમા પણ ૮૯ પોઈન્ટનો ઘટાડો નોંધાતા નિફ્ટીનો આંકડો ઘટીને ૫૩૩૪ની નીચી સપાટીએ પહોંચી ગયો હતો. નિફ્ટીએ ૫૨૫૦ની સપાટી ગુમાવી દીધી હતી. એશિયન બજારમાં પણ વેચવાલી રહી હતી. અમેરિકામાં નબળા રોજગારીના આંકડાની સીધી અસર વૈશ્વિક બજાર ઉપર થઈ હતી. યુરોપિયન બજારો આજે ઈંસ્ટરમન્ડેના કારણે બંધ રહ્યા હતા. બ્રોકરોનુ કહેવુ છે કે રોકાણકારો સતત વધતી જતી કોમોડીટીની કિંમતને કારણે ચિંતિત છે જેના કારણે ફુગાવાને વેટ મળી શકે છે. સાથે સાથે ૧૭મી એપ્રિલના દિવસે મળનારી આરબીઆઈની નાણાકીયનીતિ સમીક્ષામાં વ્યાજદરમા કાપની તકો ઘટી શકે છે. સેંસેક્સ હેવીવેઈટ રિલાયન્સ ઈન્ડસ્ટ્રી અને ઈન્ફોસિસમાં ક્રમશ : ૦.૬૦ અને ૦.૯૭ટકાનો ઘટાડો નોંધાયો હતો. બેંકિંગ સેક્ટરમાં આઈસીઆઈસીઆઈ બેંકમાં ૦.૨૯ટકાનો ઘટાડો નોંધાયો હતો. જ્યારે એસબીઆઈમાં ૨.૯૧ ટકા, એચડીએફસી બેંકમાં ૦.૬૯ટકા, બેંક ઓફ ઈન્ડિયમાં ૧.૭૦ ટકા, કેનેરા બેંકમાં ૩.૨૬ ટકાનો ઘટાડો નોંધાયો હતો. હેલ્થ કેર સિવાય તમામ સેક્ટરલ ઈન્ડેક્ષુનુકસાનમાં રહ્યા હતા. ૩૦ સેંસેક્સ શેર પૈકી ૨૫ શેર મંદીમા રહ્યા હતા. બજારમાં મદી રહેવા માટે અન્ય ઘણા પરિબળો પણ જવાદાર દેખાઈ રહ્યા છે. જાપાનના નિક્કીમાં સરેરાશ ૧.૫ ટકાનો ઘટાડો નોંધાયો હતો. નિક્કીમાં સતત પાંચમા દિવસે ઘટાડો નોંધાયો હતો.જ્યારે શંઘાઈ ઈન્ડેક્ષમાં ૧ ટકાનો ઘટાડો રહ્યો હતો.મોટાભાગના સેક્ટર ઈન્ડેક્ષમાં વેચવાલીનો દાબણ રહ્યો હતો. એકમાત્ર હેલ્થકેરમાં સુધારો રહ્યો હતો. બીએસઈ મેટલ, કેપિટલ ગુડ્સ અને બેંકેક્સ ઈન્ડેક્ષમાં ૨થઈ ૬ ટકા સુધીનો ઘટાડો નોંધાયો હતો. બીએસઈ મેટલ ઈન્ડેક્ષમાં ૩.૪ ટકાનો ઘટાડો રહ્યો હતો. હિન્ડાલકો, સ્ટારલાઈટ, સીસાગોવા જેવા શેરમાં ૪થી ૫ ટકાનો ઘટાડો નોંધાયો હતો. ચીનમાં વધતા જતા ફુગાવાની અસર પણ નુકસાન કરી રહી છે. સીપલા, બજાજ, ડીએલએફમાં નજીવો સુધારો પણ જોવા મળ્યો હતો. એકંદરે બજારમાં ૧૬૩૬ શેરમાં મંદી રહી હતી. જ્યારે ૧૧૮૩ શેરમાં તેજી રહી હતી. આગામી દિવસોમાં પણ બજારમાં આવી જ સ્થિતિ રહેશે કારણ કે આરબીઆઈની નીતિને લઈને રોકાણકારો સાવધાન બનેલા છે.

ભારતી ઍરટેલની ૪જી સેવા આજથી લોન્ચ થાય તેવી વકી

નવી દિલ્હી,તા. ૯

ટેલિકોમ પ્રધાન કપીલ સિબ્બલ આવતીકાલે ભારતી એરટેલની ૪જી સેવાનુ ઉદ્ઘાટન કરે તેવી શક્યતા છે. કોલકાતામાં ૪જી ટેકનોલોજીના આધાર પર ભારતી એરટેલ બ્રોડબેંડ વાયરલેસ એક્સેસ (બીડબ્લ્યૂએ) સેવા શરૂ કરનાર છે. કંપનીએ આ સેવા લોન્ચ કરવા ટેલિકોમ પ્રધાન કપિલ સિબ્બલને અપીલ કરી છે. જેથી સિબ્બલ આવતી કાલે કોલકાતા પહોંચી તેવી શક્યતા છે. કંપની માર્ચ મહિનામાં આ સેવા લોન્ચ કરવાની યોજના ધરાવતી હતી પરંતુ સંસદના સત્રના કારણે પ્રધાન વ્યસ્ત કાર્યક્રમ ધરાવતા હોવાના કારણે સેવામા વિલંબ થયો છે. એરટેલે કોલકાતામાં તેના બીડબ્લ્યૂએ નેટવર્કને ગોઠવવા માટે ચાઈનીઝ ટેલિકોમ સાધન બનાવતી કંપની ઝેડટીઈને રોકવાનો નિર્ણય કર્યો છે. મળેલી માહિતી મુજબ આશરે ૧૦૦ મેગાબાઈટસ પ્રતિસેકંડની ડાઉનલોડની ઝડપ ઉપલબ્ધ થશે. જ્યારે યુઝર આ દિશામાં આગળ વધશે ત્યારે તેને વધુ સુવિધા મળશે. યુઝર ફિક્સ લોકેશન પર પ્રતિસેકંડ એક ગીગાબાઈટનો ઉપયોગ કરી શકશે. આ લોન્ચની સાથે એરટેલ દેશમાં ૪જી વાયરલેસ શરૂ કરનાર પ્રથમ કંપની બની જશે. કંપનીએ ચાર ટેલિકોમ સર્કલ કોલકાતા, મહારાષ્ટ્ર, પંજાબ અને કર્ણાટકમાં ૨૦૧૦માં બીડબ્લ્યૂએ સ્પેક્ટ્રમ મેળવી લીધા હતા આના માટે ૩૩૧૪.૩૬ કરોડ રૂપિયા ચુકવવામાં આવ્યા હતા. કંપની ૨.૩ જીએચઝેડ ફ્રિક્વન્સી બેંડમાં ૨૦ એમએચઝેડ બીડબ્લ્યૂએ સ્પેક્ટ્રમ ફાળવશે.

કેન્સરની સામે જંગ જીત્યા બાદ યુવરાજ સ્વદેશ પરત

નવી દિલ્હી,તા. ૯

કેન્સરની સારવાર કરાવ્યા બાદ સ્ટાર ક્રિકેટર યુવરાજસિંહ આજે ભારત આવી પહોચ્યો હતો. યુવરાજસિંહ આવી પહોચ્યો ત્યારે તેના સ્વાગતમાં મોટી સંખ્યામાં સમર્થકો અને પરિવારના સભ્યો હતા. વિમાની મથક પર યુવરાજ સિંહને લેવા માટે શબનમસિંહ પણ પહોંચી હતી. યુવરાજ ૨૬મી જાન્યુઆરીના દિવસે અમેરિકા ગયો હતો. કેમોથેરાપીના જુદા જુદા તબક્કામાંથી યુવરાજ પસાર થયો હતો. અમેરિકામાં બોસ્ટન ખાતેની હોસ્પિટલમાં સારવાર કરાવ્યા બાદ હોસ્પિટલમાંથી યુવરાજને રજા આપી દેવામાં આવી હતી. ત્યારબાદથી તે લંડનમાં પોતાના મિત્રના આવાસ ઉપર રહી રહ્યો હતો. તબીબોએ ત્રણ તબક્કામાં યુવરાજ ઉપર કેમોથેરાપીની પ્રક્રિયા હાથ ધરી હતી. ત્યારબાદ હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવી હતી. થોડાક દિવસ પહેલા યુવરાજસિંહને મળવા માટે સચિન તેંડુલકર પણ પહોંચ્યો હતો. યુવરાજ સ્વદેશ પરત ફરવા માટે ઘણા દિવસથી ઉત્સુક હતો.

ટ્વીટર ઉપર વારંવાર પોતાની ઈચ્છા રજુ પણ કરી હતી. ગઈકાલે જ યુવરાજે ટ્વીટર ઉપર જણાવ્યું હતું કે આખરે એ દિવસ આવી ગયો છે જેની તે ઉત્સુકતાપૂર્વક રાહ જોઈ રહ્યો હતો. યુવરાજે કહ્યું હતું કે તે આવતીકાલે સ્વદેશ પરત ફરી રહ્યો છે. પોતાના મિત્રો અને પરિવારના સભ્યોને મળ્યા બાદ યુવરાજ આજે સવારે ભારે ખુશખુશાલ દેખાતો હતો. યુવરાજના તબીબો માને છે કે તે મે મહિનાના પ્રથમ સપ્તાહ સુધી મેદાનમાં ઉતરવા માટે ફીટ થઈ જશે. અત્રે નોંધનીય છે કે તેના પરિવારે યુવરાજના ફેફસામાં ટ્યુમર હોવાની વાત કર્યા બાદ ચકાસણીમાં જાણવા મળ્યુ હતું કે યુવરાજને કેન્સર છે. પહેલા એવું માનવામાં આવી રહ્યું હતું કે દવાથી ઠીક થઈ જશે. પરંતુ મોડેથી તબીબોએ નિર્ણય કર્યો હતો કે કેમોથેરાપીની જરૂર પડશે. આખરે યુવરાજ ૨૬મી જાન્યુઆરીના દિવસે અમેરિકા ગયો હતો. હવે કેન્સર સામે સફળ રીતે જંગ જીતી લીધા બાદ ભારત પરત ફર્યો છે.

રેલવે પ્રોજેક્ટોના અમલ આડે શ્રેણીબદ્ધ અડચણો

નવી દિલ્હી,તા. ૯

અનેક મહત્વપૂર્ણ રેલવે પ્રોજેક્ટોના અમલીકરણમાં ભારે વિલંબ થવાના કારણે અનેક અડચણો ઉભી થઈ ગઈ છે. સરકારના નવેસરના આંકડામાં જણાવવામાં આવ્યું છે કે રેલવે પ્રોજેક્ટો પૈકીના કેટલાકના અમલમાં વિલંબના કારમે ખર્ચમાં અનેક ગણો વધારો થયો છે અને આંકડા કરોડો પર પહોંચ્યો છે. આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય દ્વારા આપવામાં આવેલા આંકડામાં જણાવવામાં આવ્યું છે કે ૫૨૦ કરોડના ખર્ચમાર્ચ ૧૯૮૩માં મંજૂર કરવામાં આવેલા ફ્રેટ ઓપરેસન ઈન્ફર્મેશન સિસ્ટમ કાર્યક્રમ આશરે ૨૦૪ મહિના પાછળ છે.

લાંજીગઢ-જુનાગઢ નવી લાઈનના નિર્માણના કાર્યક્રમમાં ભારે વિલંબ થયો છે. આ કાર્યક્રમ આશરે ૧૨૦ મહિના મોડે છે. આ બે પ્રોજેક્ટો પર વિલંબના કારણે ખર્ચ ક્રમશ ૧૧૪ કરોડ અને ૧૨૭ કરોડ સુધી પહોંચી ગયો છે. મંત્રાલય દ્વારા કુલ ૫૬૨ પ્રોજેક્ટો પર નજર રાખવામાં આવી છે જે પૈકી ૧૩૨ પ્રોજેક્ટો રેલવે સેક્ટર સાથે સંકળાયેલા છે. આ તમામ ૧૩૨ પ્રોજેક્ટોને અમલી બનાવવાનો મૂળ ખર્ચ ૬૫૦૫૪.૭૦ કરોડ છે. તેમની પૂર્ણાહુતિ સંબંધિત ખર્ચ ૧૩૪૧૩૩.૫૦ કરોડ છે. જે સાબિત કરે છે કે ખર્ચ ૧૦૬ ટકા સુધી વધી ગયો છે. ડિસેમ્બર ૨૦૧૧ સુધી આ પ્રોજેક્ટો પર થયેલો ખર્ચ ૫૬૩૯૫ કરોડ હતો. જે આંકડા સાબિત કરે છે. ગુના-ઈટાવા નવા લાઈન પ્રોજેક્ટમાં વિલંબ રેંજ ૨૧૩ મહિનાની આસપાસ છે. આંકડાકીય અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય દ્વારા જણાવવામાં આવ્યું છે કે ૧૦૨ પ્રોજેક્ટો વધારે પડતા ખર્ચનો સામનો કરી રહ્યા છે. માર્ચ ૨૦૧૧ સુધી આ પ્રોજેક્ટ પર મૂળભૂત ખર્ચ ૩૭૩૭૩.૬૦ કરોડ હતો. જ્યારે ખર્ચ વધીને ૧૦૬૫૦૯.૨૦ કરોડ થયો છે. એકંદરે ખર્ચમાં ૧૮૫ ટકાનો વધારો થયો છે.

રોકાણ મર્યાદા વધારવાની એલઆઈસીની માંગને ફગાવાઈ

નવી દિલ્હી,તા.૯

ઈન્યોરેન્સ રેગ્યુલેટર ઈરડાએ ભારતની સૌથી મોટી વિમા કંપની લાઈફ ઈન્યોરન્સ કોર્પોરેશન (એલઆઈસી)ની એક કંપનીમાં ઈક્વિટી હિસ્સેદારીની મર્યાદાને વધારાવની માંગણીને ફગાવી દીધી છે. એલઆઈસી દ્વારા ઈક્વિટી હોલ્ડીગનીલિમિટને વધારવાની માંગ કરી હતી. જો કે ઈરડાએ કેટલાક એવા મામલાઓમાં ધ્યાન આપ્યું નથી જે ચર્ચાસ્પદ છે. આ કંપનીઓમા પણ એલઆઈસીની હોલ્ડિગ લિમિટ કરતા વધારે છે. આ મામલા સાથે જોડાયેલા લોકોએ આ મુજબની માહિતી આપી છે. છેલ્લા સપ્તાહમાં ઈન્સ્યોરન્સ રેગ્યુલેટર ઈરડાએ દેશની સૌથી મોટી લાઈફ ઈન્સ્યોરન્સ કંપનીને કહ્યું હતું કે માત્ર તેના માટે નિયમ બદલી શકાય નહીં. આ સેક્ટરમાં આશરે ડઝન જેટલી અન્ય કંપનીઓ પણ છે. ઈરડાએ કહ્યું છે કે ઈન્ડસ્ટ્રીના સ્તરે હિસ્સેદારી મર્યાદામાં ફેરફાર કરવાથી વીમા કંપનીઓમાં રિસ્ક પ્રોફાઈલને માઠી અસર થઈ શકે છે. નામ જાહેર નહીં કરવાની શરતે ઈરડાના એક અધિકારીએ કહ્યું છે કે એલઆઈસી કંપનીઓમાં મૂડી રોકાણ વધારવા ઈચ્છે છે. પરંતુ અમે તેને વર્તમાન માર્ગદર્શિકાને પાળવા માટે જ કહ્યું છે. સરકાર ઈન્સ્યોરન્સ કંપનીએઆ મામલામાં રાહતની માંગણી કરી હતી. હકિકતમાં કોઈપણ ઈન્સ્યોરન્સ કંપની કોઈપણ કંપનીમાં ૧૦ ટકા અથવા તો તેનાથી વધારે નેટવર્થની ૨૦ટકાથી વધુ હિસ્સેદારી રાખી શકે નહીં. એલઆઈસીએ અનેક પ્રસંગે સરકારી કંપનીઓના ડિસઈન્વેસ્ટમેન્ટમાં મદદ કરી છે. પંજાબ નેશનલ બેંક અને દેના બેંકમાં તેની હિસ્સેદારી ૧૦ ટકાથી વધારે છે. એલઆઈસીના એક વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે જ્યારે પણ જરૂર પડશે ત્યારે અમે રેગ્યુલેટરની પાસે જઈશું. અમે ત્રણ લાખ કરોડ રૂપિયાના જંગી મુડીરોકાણ પોર્ટફોલિયોને ધ્યાનમાં લઈને આગળ વધી રહ્યા છીએ. ઈન્ડસ્ટ્રીની અન્ય કોઈ કંપની સાથે સરખામણી કરી શકાય નહીં. સરકારની ડિસઈન્વેસ્ટમેન્ટની યોજનાને બચાવવાને લઈને પણ એલઆઈસીની ટિકા થઈ હતી. તે સરકારી બેંકોમાં હિસ્સેદારી લઈને ફંડ પણ ઉપલબ્ધ કરાવી રહી છે. એલઆઈસીએ ઓએનજીસીના ઓક્સન ઓફરમાં ૧૨ હજાર કરોડનું રોકાણ કર્યું હતું. એલઆઈસીએ સરકારી બેંકોમાં પણ આશરે ૮ હજાર કરોડનું રોકાણ કર્યું હતું. ઓએનજીમાં એલઆઈસીની હિસ્સેદારી ૯૮ટકાની આસપાસ છે. ઈરડાએ ઘણી બાબતો ખુલાશો કર્યો છે. તાજેતરમાં જ એલઆઈસીએપ્રેફરેન્સ રૂટ મારફતે પીએનબીમાં ૧૫૭૪ કરોડ રૂપિયા રોક્યા હતા. આનાથી સરકારી બેંકમાં તેની હિસ્સેદારી ૧૦ટકાથી વધારે થઈ ગઈ હતી. એલઆઈસીની પાસે તાતા સ્ટીલના પણ ૧૦ ટકાથી પણ વધારે શેર છે. પરંતુ ઈરડાએ આ મામલામાં તેની ટિકા કરી નથી.

હર્ષદ મહેતાના ભાઈ સુધીર મહેતાની અંતે ધરપકડ થઈ

પુણે,તા. ૯

ક્રિમિનલ ઈન્વેસ્ટીગેશન ડિપાર્ટમેન્ટ (સીઆઈડી)ની પુણે ટુકડી દ્વારા સ્વર્ગસ્થ શેરબ્રોકર હર્ષદ મહેતાના ભાઈ સુધીર મહેતાની આજે ધરપકડ કરી લીધી હતી. સીઆઈડીએઆ ધરપકડ સાથે મોટી સફળતા મેળવી છે. સુધીર મહેતા પર વર્ષ ૧૯૯૭માં પુણે સ્થિત ફાઈનાન્શિયલ કંપનીઓ સાથે ૮૬.૩૯ લાખની છેતરપિંડીનો આક્ષેપ મુકવામાં આવ્યો છે. વર્ષ ૧૯૯૭માં શેર મૂડીરોકાણ મામલે સુધીર મહેતાએ ફાઈનાન્શિયલ કંપનીઓ સાથે છેતરપિંડી કરી હતી. છેલ્લા ૧૫ વર્ષથી મહેતાની ભાળ મહી ન હતી.બાતમીના આધાર પર ડેપ્યુટી સુપ્રીટેન્ડેન્ટ ઓફ પોલીસ વિજક ટીકોલેના નેતૃત્વમાં સીઆઈડીની ટીમે શનિવાર સાંજે શહેરમાંફાઈવ સ્ટાર હોટલની નજીક મહેતાની ધરપકડ કરી હતી. તેઓને રવિવારે કોર્ટમા રજૂ કરવામા આવ્યા હતા. સુધીર મહેતાની ૧૮મી એપ્રિલ સુધી પોલીસ કસ્ટડીમાં રિમાન્ડ ઉપર લેવામાં આવ્યા છે.

હૈદરાબાદમાં કોમી હિંસા બાદ સંચારબંધી યથાવત

હૈદરાબાદ,તા. ૮

હૈદરાબાદમાં સંવેદનશીલ ગણાતા વિસ્તારમાં આજે સ્થિતિ શાંતિપૂર્ણ રહી હતી. કોઈપણ અનિચ્છનીય બનાવ બન્યો ન હતો. કોમી હિંસાના એક દિવસ બાદ સમગ્ર વિસ્તારમાં સંપૂર્ણ શાંતિ રહી હતી. મદનાપેત અને સાઇદાબાદ વિસ્તારમાં આજે સતત બીજા દિવસે અચોક્કસ મુદતની સંચારબંધી યથાવત રીતે અમલી રહી હતી. સંચાર બંદીમાં કોઈપણ રાહત આપવામાં આવી ન હતી. સ્ટેબીંગના બનાવ અને જોરદાર પથ્થરમારા બાદ કર્ફ્યુ લાદવામા આવ્યો હતો. જુના શહેરમાં જોરદાર પથ્થરમારા અને સ્ટેબીંગના બનાવ બાદ સંચારબંધી લાગુ કરવામાં આવી હતી જેથી જનજીવનને માઠી અસર થઈ હતી. વરિષ્ઠ પોલીસ અધિકારીએ માહિતી આપતા કહ્યુ છે કે મદનાપેત અને સઇદાબાદ વિસ્તારમાં હિંસાના બનાવ બન્યા હતા. પરંતુ આજે બીજા દિવસે સ્થિતિ શાંતિપૂર્ણ રહી હતી કોઈપણ જગ્યાએ કોઈપણ બનાવ બન્યો ન હતો. ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ મનીશ કુમાર સિન્હાએ માહિતી આપતા કહ્યુ હતુ કે સંચારબંધી ઉઠાવી લેવા અથવા તો હળવી કરવા અંગે નિર્ણય પરિસ્થિતિને ધ્યાનમાં લઈને કરવામાં આવશે. કોમી હિંસાના સંબંધમાં ૧૫ લોકો સામે કેસ દાખલ કરવામાં આવ્યા છે. જુના શહેરમાં કોમી હિંસા બાદ જુદા જુદા વિસ્તારોમાંથી ૫૦થી ૬૦ લોકોને પૂછપરછ માટે ઉપાડી લેવામાં આવ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગઈકાલે સવારે ૭ વાગે હિંસાની શરૂઆત થઈ હતી. જેથી બે સમુદાયના લોકો આમને સામને આવી ગયા હતા. સ્થિતિને કાબૂમાં લેવા માટે પોલીસને લાઠીચાર્જ કરવાની ફરજ પડી હતી.

ટાટ્રા પ્રકરણમાં સીબીઆઈ હવે બ્રિટન પાસેથી પણ માહિતી મેળવવાની તૈયારીમાં

નાણાકીય લેવડદેવડની વિગત મેળવવાના ચકો ગતિમાન સરંક્ષણ મંત્રાલયના અધિકારીઓની ભૂમિકામાં ચકાસણી

નવી દિલ્હી,તા.૯

સમગ્ર દેશને હચમચાવી મુકનાર ટાટ્રા કેસમાં સીબીઆઈ અતિ ઝડપથી આગળ વધી રહી છે. મળેલી માહિતી મુજબ સીબીઆઈ હવે બ્રિટન પાસેથી પણ માહિતી મેળવવાની તૈયારીમાં છે. ટાટ્રા સીપોક્સ યુકેને સરંક્ષણ પીએસયુ બીઈએમએલ દ્વારા કરવામાં આવેલી ચુકવણીના મામલામાં તપાસ હાથ ધરી છે. આ સંબંધમાં સીબીઆઈ તેની નાણાકીય લેવડ દેવડ અને માલિકીના મામલામાં વિગતો મેળવવાના પ્રયાસરૂપે બ્રિટનને જ્યુડીશિયલ વિનંતી મોકલવાની તૈયારીમાં છે. બીજી બાજુ સીબાઆઈએ ટાટ્રા કેસમાં સરંક્ષણ મંત્રાલયના અધિકારીઓ, બીઈએમએલ અને સેનાની ભુમિકામાં પણ તપાસ હાથ ધરી છે. સીબીઆઈને શંકા છે કે બીઈએમએલ દ્વારા કરવામાં આવેલી ચુકવણી હકીકતમાં કરવેરા ચોરો માટે આદર્શ ગણાતા ક્ષેત્રોમાં ગઈ હતી. સીબીઆઈ સુત્રો માને છે કે તેમની ટીમ આમા તપાસ કરી રહી છે. પરંતુ તપાસ હાલ પ્રાથમિક તબક્કામાં છે. હાલમાં ટાટ્રા સીપોક્સ યુકેની નાણાકીય લેવડ દેવડ મામલે માહિતી મેળવવા બ્રિટેનને લેટર્સ રોગ્રેટરી મોકલવાની તૈયારી ચાલી રહી છે. જેમાં વેકટ્રા ચેરમેન રવિન્દ્ર રિશી ડિરેક્ટર છે અને નોંધપાત્ર હિસ્સેદારી ધરાવે છે. સીબીઆઈએ ચેક ગણરાજ્ય સ્થિત ટાટ્રા સાથે સંબધ ધરાવતી ટાટ્રા સીપોક્સ બ્રિટનની સંસ્થાની વિગતો પણ મેળવશે. રિષીએ એવા આક્ષેપોને રદિયો આપ્યો છે કે તેમના દ્વારા કોઈ ખોટુ કામ કરવામાં આવ્યુ છે. રિષીનું કહેવું છે કે સીબીઆઈના અધિકારીઓ સાથે તેઓ સંપૂર્ણ સહકાર કરી રહ્યા છે. રિષીની ગયા સપ્તાહમાં આકરી પૂછપરછ કરવામાં આવી ચુકી છે.

સીબીઆઈ હવે ટાટ્રા કેસમાં વધુ ધડાકા કરવાની તૈયારીમાં છે. સંરક્ષણ મંત્રાલયના અધિકારીઓ, બીઈએનએલ, સેનાની ભુમિકામાં પણ ચકાસણી કરવામાં આવી રહી છે. ઘણા પ્રશ્નો સપાટી ઉપર આવી શકે છે. સૂત્રોનું કહેવુ છે કે ૧૯૯૭માં ટાટ્રા સીપોક્સ યુકે દ્વારા બીઈએમએલ સાથે ટ્રક સોદાબાજી સમજૂતી પર હત્સાક્ષર થયા હતા. અહેવાલ મુજબ સરંક્ષણ પ્રાપ્તિ નિયમોનો આમા ખુલ્લો ભંગ કરવામાં આવ્યો હતો. સીબીઆઈના અધિકારીઓ માને છે કે ટાટ્રા સીપોક્સ યુકે આ તમામ ટ્રકના નિર્માણ કરતી કંપની નથી જેથી સરંક્ષણ પ્રાપ્તિ મુળભૂત કંપની પાસેથી કરવાની જરૂર હતી.

ભારત-પાકની વચ્ચે મેમાં ગૃહ સચિવ સ્તરની મંત્રણા

નવી દિલ્હી,તા. ૯

ભારત અને પાકિસ્તાન વચ્ચે ગૃહ સચિવ સ્તરની મંત્રણા મે મહિનામાં ઇસ્લામાબાદમાં યોજાય તેવી સંભાવના છે.ગયા વર્ષે ડિસેમ્બર બાદથી ગૃહસચિવ સ્તરની મંત્રણાને લઈને હિલચાલ ચાલી રહી હતી. સરકાર આ વાતચીત દરમિયાન મુંબઈના હુમલામાં માસ્ટરમાઇન્ડ ગણાતા હફીઝ સઇદનો મ